

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*હતી યુનિટી પાટીદારોમાં, સમાજ તોડી નાખ્યો !*
*હતો સંગઠિત, એકમત સમાજ ફોડી નાખ્યો !*
*રોળી નાખ્યો પરસ્પર વિશ્વાસ નેતૃત્વ લાલચે*
*પીવા ન મળ્યો અનામત પ્યાલોને ઢોળી નાખ્યો...*

### હાઈકુ

*ઉભી એકતા*
*સ્તબ્ધ થૈ જોયા કરે -*
*ઐક્ય નાટક !*

*વહેણ વચ્ચે -*
*સતત ચિંતા માં જ*
*રાખ્યા છે ઉભા !*

### ચિંતન

***અવિનયમપનય વિષ્ણો દમય: મન: શમય વિષયમૃગતૃષ્ણામ ।***
***ભૂપદમાં વિસ્તારય તારય સંસારસાગરત:***

ઉપરોક્ત શ્લોક ષટપદી સ્તોત્રમાંથી લેવામાં આવેલ છે.

હે પ્રભુ, મારો અવિનય દૂર કરીને મનની વિષયો પ્રત્યેની તૃષ્ણા શાંત કરો, મારો દયાભાવ વિસ્તરે એમ મને સંસાર સાગરમાંથી પાર કરો.

આ સમગ્ર સૃષ્ટિ પરમાત્મામય છે. આ જાણવા છતાં આપણે ગમતા પદાર્થો પ્રત્યે અને અણગમતાને તરછોડીએ છીએ. આ આપણો અવિનય છે. જો પરમાત્મા બધે જ હોય તો પછી કશું જ અણગમતું ન કહેવાય. કોઈનોય તિરસ્કાર ન થાય.

આદિગુરુ પરમાત્માને પ્રાર્થના કરે છે કે હે પ્રભુ ! મારામાં રહેલા આ અવિનયને દૂર કરો. મારા મનમાં વિષયનું સ્મરણ થતાંવેંત જે તૃષ્ણા જાગે છે તેને પણ શાંત કરો.

શંકરાચાર્ય આ શ્લોકમાં પરમાત્માને વિનવે છે કે હે પ્રભુ, પ્રાણી માત્ર પ્રત્યે મારો દયાભાવ વિસ્તરે અને જીવમાત્ર સાથે મારી એકાત્મકતા સધાય. આ એકાત્મતામાં હું તમારી સાથે જોડાઈ - જાઉં અને એ રીતે આ અફાટ સંસાર સાગરમાંથી મને પાર કરો.

### સુવિચાર

- જે કાર્ય કરતાં ભીતર સહેજ પણ શંકા ના પડે તો તેનું કામ અવશ્ય થાય જ છે - **ભૂપત વડોદરિયા**
- વિષયવિકાર મોટામાં મોટો આત્મઘાત છે - **એસ. ભટ્ટાચાર્ય**
- શ્રદ્ધામાં માંગણી ના હોય, કંઈ પણ લાલચ રાખે તે અંધશ્રદ્ધા - **જનકલ્યાણ**
- મતભેદથી ભેગું રહેવું (સંયુક્ત કુટુંબમાં), તેના કરતાં સંપીને જુદા રહેવું સારું !! - **અખંડ આનંદ**
- દુનિયાનો નાશે ય અહંકાર કરે ને વૃદ્ધિ ય અહંકાર કરે છે - **જ્ઞાનદિપ**
- યાદ રાખજો કે આપણે નામ કાઢવા આવ્યા નથી,
  આપણે તો કોઈનું કામ કાઢવા આવ્યા છીએ - **દાદા ભગવાન**
- આજનું ઔષધ : જામફળના પાનને વાટીને પેસ્ટ મોંમાં ચાંદા પર લગાડી રાખવાથી ચાંદા તરત મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજા ઉદયનના રાણી પલ્લવી દેવીએ બુદ્ધના વિષ્ય આનંદને બસો ચાદર ભેટમાં આપવા મહેલમાં બોલાવ્યા. રાણીએ આનંદને પૂછ્યું, 'આ ચાદરનો આપ શો ઉપયોગ કરશો ?' જવાબમાં ભિક્ષુએ કહ્યું, 'અમારામાંથી ઘણાની ચાદરો ફાટી ગયેલી છે તેમને નવી ચાદર આપીશું.' આ પછી રાણી અને આનંદ વચ્ચે પ્રશ્નોત્તરી ચાલી. રાણી પૂછતા ગયા અને આનંદ જવાબ આપતા ગયા. રાણી, 'જૂની ફાટેલી ચાદરોનું શું કરશો ?' આનંદ, 'એ જૂની ચાદરોમાંથી શેતરંજી બનાવીશું. થોડીક ચાદરોમાંથી તકિયાના કવર બનાવીશું....' રાણી, 'જૂના તકિયાના કવરનું શું કરશો ?' આનંદ,'પોતા બનાવશું.' રાણી પલ્લવી દેવીને આનંદના તમામ જવાબ સાંભળી સંતોષ થયો અને બુદ્ધની અર્થનીતિ પર માન ઉપજ્યું. એમણે રાજા ઉદયનને રાજ વ્યવસ્થામાં બદલાવ લાવવા તથા કોઈ રદ્દી વસ્તુઓ નકામી ન જવા દેવા સૂચન કર્યું.

# સીબીઆઈની પ્રતિષ્ઠા તળિયે

**તંત્રીસ્થાનેથી...**

સીબીઆઈ છેલ્લાં ઘણાં વર્ષોથી વગોવાતી રહેતી તપાસ સંસ્થા છે. એનું પુન:સ્થાપના કરવાની પણ માગણીઓ થતી રહી છે. સીધેસીધું વડાપ્રધાનના હાથ-નીચે કામ કરવું પડતું હોઈ સીબીઆઈના અધિકારીઓ ઈચ્છે તો પણ તટસ્થ નથી રહી શકતા. સવિશેષ રાજદ્વારી સમુદાયનું પગેરું લેતી આ એજન્સીનું મૂલ્યનિષ્ઠાના માપદંડોથી સતત અધ:પતન થતું રહ્યું છે. ઈંદિરા ગાંધીના કાર્યકાળથી શાસનમાં એની સૌથી નીચી પાયરીએ પહોંચી ચૂક્યો છે. કોંગ્રેસના શાસનકાળમાં સીબીઆઈનો ઘણો દુરુપયોગ થયેલો છે. એટલે એના નેતાઓ જો મોદી શાસન દરમિયાન જ આ તંત્ર ખાડે ગયું છે એવો આક્ષેપ કરતા હોય તો એ વાહિયાત ગણાશે. હકીકત એ છે કે કોઈ નેતા કે ધનકુબેર સરકારની સામે બાંયો ચડાવતો હોય તો તેની પાછળ સીબીઆઈના ડાઘિયા છૂટા મૂકી દઈ એને સીધો દોર કરી શકાય છે. આ રીતરસમ દિલ્હીમાં બેઠેલા કોઈ પણ સત્તાધીશને અનુકૂળ આવી ગઈ છે. વિપક્ષમાં બેઠેલા નેતાઓને ચોવીસે કલાક આ 'સ્વૉર્ડ ઑપ ડેમોક્લીસ' - સીબીઆઈની લટકતી તલવારનો ડર સતાવ્યા કરે છે. રાજકારણમાં કોઈ દૂધે ધોયેલું રહી શકે એ કેવળ યુટોપિયા છે - મનગઢંત કલ્પના છે. સીબીઆઈની લટકતી તલવારનો ડર બતાવી આજ સુધીની તમામ સરકારો કયારેક જયલલિતાને જેલ ભેગી કરી શકી છે તો કયારેક લાલુ યાદવને બોઠપાઠ ભણાવી ચૂકી છે. જે અનુકૂળ થઈ જાય છે એના ગળાનો ગાળિયો ઢીલો મૂકી દેવાય છે. મુલાયમસિંહ અને માયાવતીથી લઈ શરદ પવાર સુધીના નેતાઓ આવી અનુકૂલન વ્યવસ્થા સ્વીકારી બચતા રહ્યા છે. સીબીઆઈની તપાસ માગનારા વિપક્ષોને પણ ખબર જ હોય છે કે એમાં ડુંગર ખોદીને ઉંદર પણ કાઢવાનો નથી હોતો. ફક્ત પ્રજાને ભરમાવવા માટે ચાલતું આ કૌભાંડ આજકાલ એની પરકાષ્ઠાએ પહોંચી ગયું છે. દરેક વડાપ્રધાન પોતાના અનુકૂળ યસમેનને જ સીબીઆઈનું સૂત્ર સંચાલન સોંપતા હોય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દિલ્હીમાં વર્ષોથી પગદંડો જમાવીને બેઠેલા અધિકારીઓ પણ સ્વાભાવિક રીતે જ વિશ્વાસ નહોતો. એથી એમણે અઢિયાથી લઈ અસ્થાના સુધીના ગુજરાત કેડરના અધિકારીઓ દિલ્હી બોલાવી લીધા અને ચાવીરૂપ સ્થાનો પર ગોઠવી દીધા. સુરતના પોલીસ કમિશનર રહી ચૂકેલા રાકેશ અસ્થાના ઘણા બહાદુર અને જાંબાઝ પોલીસ અધિકારી ગણાતા હતા. એમની આ બહાદુરી બિહારના માથાભારે 'ચારાનરેશ' લાલુ યાદવને સીધા દોર કરવામાં ખપ લાગી હતી. મહાગઠબંધનનું રાજકારણ લાલુના જેલગમનથી ઠંડુ પડી ગયું છે, એમાં અસ્થાનાની કામગીરીને જ યશ આપવો પડે. પરંતુ રાજેક અસ્થાનાએ એમના સિનિયર અધિકારી સામે જ શિંગડાં ભરાવ્યાં તે એમને ભારે સીબીઆઈની પ્રતિષ્ઠા તળિયેભડ્યાં છે. એમના સિનિયર વર્મા માટે એમને હેસિયત બતાવી દેવાની આ સોનેરી તક હતી. આખરે સીબીઆઈના ઑફિસર વિરુદ્ધ જ સીબીઆઈની તપાસ ચાલુ થઈ જેને કારણે ખુદ વડાપ્રધાનને મધ્યસ્થી કરવાની નોબત આવી છે. સીબીઆઈની પ્રતિષ્ઠા તળીયે પહોંચી છે અનેઆ મુદ્દો ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી વખતે વિપક્ષ માટે એક અમોઘ શસ્ત્રની ગરજ સારી શકે એવો છે.

# હવે સચ્ચાઈનો સામનો કરીએ



## નવાં કલેવર

નટવર હેડાઉ

પંખીઓનો કલરવ સંભળાતો હતો. વૃક્ષોની ઘટાઓમાંથી સૂર્ય કિરણો ચળાઈને આંગણામાં પથરાઈ રહ્યા હતા. રસ્તા પર લોકોની અવરજવર શરૂ થઈ ગઈ હતી. કોઈ કોઈ વાહનો થોડી થોડી વારે પસાર થતા હતા.

કાર્તિકભાઈ બંગલાના આગળના ભાગે ગાર્ડન ચેરમાં બેઠા વર્તમાનપત્ર વાંચી રહ્યા હતા. ઠંડા પવનની લહેરખી તેમનો સ્પર્શતા એક વિચાર તેમના મગજમાં ઝબકી ગયો. તેમણે નજર દૂર સુધી લંબાવી. પ્રભાતનાં પુષ્પો ખીલી ગયા હતા. વૃક્ષની એક ડાળ પરથી બીજી ડાળ પર ખિસકોલી દોડાદોડ કરી રહી હતી. તો જોવામાં તેઓ મશગુલ હતા ત્યાં અવાજ સંભળાયો.

'લ્યો તમારી ચ્હા'

તેમણે જોયું તો પત્ની ચ્હાનો કપ હાથમાં લઈ ઊભી હતી.

'મમતા મારે તને આજે એક વાત કરવી છે.' કાર્તિકભાઈએ ચ્હાનો કપ પોતાના હાથમાં લેતા કહ્યું.

'પછી જે કહેવું હોય તે કહેજો, અત્યારે મને ટાઈમ નથી. મારે રસોડામાં ઘણાં કામ પડ્યાં છે.' મમતાએ છણકો કરતાં કહ્યું.

'હું એવી જ વાત કરું છું. બે મિનિટ ઊભી રહે અને મારી વાત સાંભળ.'

'જલ્દી બોલો મારે મોડું થાય છે.'

મમતાએ અણગમો બતાવતા કહ્યું.

'જો વાત જાણે એમ છે કે હવે આપમે બંને ઉંમરલાયક થઈ ગયાં છીએ. તેથી આપણે સચ્ચાઈનો સામનો કરવૈ તૈયાર રહેવું જોઈએ.'

'તમે શું કહેવા માંગો છો, હું કંઈ સમજી નહીં.'

તું મને કાલથી રસોડામાં રસોઈ બનાવવાનું, રસોડું સાફસુફ કરવાનું, વાસણ માંજવાનું, ઘરમાં કચરો વાળવાનું, અને ઠાકોરજીની સેવાનું કઈ રીતે કરવીએ મને શીખવજો.' કાર્તિકભાઈ બોલ્યા.

'પણ શું કામ ? અત્યાર સુધી તો એ બધું હું કરું જ છું.'

હું તમે એટીએમમાંથી પૈસા કઈ રીતે ઉપાડવા, લાઈટ બીલ, ગેસનું બીસ કઈ રીતે ભરવું, મકાનનો ટેક્સ કઈ રીતે ભરાય તેમજ બજારમાંથી ખરીદી કરવાનું શીખવાડીશ.

પત્ની આશ્ચર્યચિકત થઈ ગઈ.

'જો હવેથી ઘરમાં જે કામ તું કરે છે એ બધાં તારે મને શીખવવાનાં અને ઘરની બહારનાં જે કામો હું કરુ છું એ હું તને શીખવીશ.'

'તમે કહેવા શું માંગો છો ?'

આપણાં બંનેમાંથી કોઈ એક નહીં રહે ત્યારે તેનું કામ આપણા બંનેમાંથી કોઈ એક જણે જ કરવું પડશે. ત્યારે એ કોણ શીખવશે. ત્યારે આપણી દરેક જરૂરિયાત કઈ રીતે પુરી થશે ?

મમતા ત્યારે પ્રેમભરી આંખે તેમની સામે જોઈ રહી.

# વૃક્ષેથી પર્ણ તોડીને પછી તેને સીંચવાનો પ્રયાસ



## આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

રામાયણનો એક પ્રસંગ ખૂબ જ જાણીતો છે. કૈકૈયીજીએ દશરથજી ને પોતાને આપેલા વચનો યાદ કરાવીને એ વચનો માંગ્યા. શ્રીરામને ચૌદ વર્ષ નો વનવાસ અને ભરતજીને રાજગાદી. શ્રીરામને ચૌદ વર્ષ વનવાસ ભોગવવો પડશે અને પોતે રામનો વિરહ જીરવી નહિ શકે એ આઘાતતથી દશરથજી મૃત્યુ પામ્યા. શ્રીરામ તો વનવાસ ગયા પણ સાથે સાથે સીતાજી અને લક્ષ્મણજી પણ ગયા. ભરતજી પોતાની માતા કૈકૈયીજી ઉપર ક્રોધીત થયા. શ્રીરામ પરત ના આવે ત્યાં સુધી શ્રીરામની પાદૂકાનાં પ્રતિક દ્વારા શ્રીરામના નામથી જ, શ્રીરામ વતી રાજ્ય ચલાવવાનો નિર્ણય લીધો અને પોતે અયોધ્યાનગરની બહાર કુટીરમા રહેવા ચાલ્યા ગયા. ભરતજી દુખી દુખી થઈ ગયા, અંદરથી પણ તૂટી ગયા. કૈકૈયીજીએ પોતાના પુત્ર ભરતજીને ગાદી મળે અને પોતે રાજમાતા બને એ હેતુથી આ પ્રકારનાં વચનો માંગ્યા હતા પણ પરીણામ એ આવ્યું કે પોતાની કોઈ જ પ્રકારની મનોકામના પૂર્ણ ન થઈ શકી.

વેદવ્યાસજી રચિત મહાકાવ્ય મહાભારતમાં પણ આ પ્રકારના અનેક કિસ્સાઓ જાણવા મળે છે. કૌરવોએ પાંડવોનું સુખ છીનવી લેવા માટે જીવનભર કાવતરાઓ કર્યા. પોતાની સાથે કૌરવોએ કર્ણ સહિત અન્ય લોકોને પણ પોતાના કાવતરાઓમાં સામેલ કર્યા પણ અને એ સૌને શું મળ્યું?

વ્યકિત પોતાના જીવનને સગવડતાભર્યું બનાવવા માટે, પોતાના સુખ અને સાહયબી માટે, પોતાની મહેચ્છાઓ પૂર્ણ કરવા માટે, પોતનું વર્ચસ્વ જમાવવા માટે અને પોતાનો અંકુશ મેળવવા માટે કૈકૈયીની જેમ પોતાના આપ્તજનો, પોતાના સ્નેહીઓ, પોતાના કુંટુંબીજનો કે પોતાના મિત્રો સાથે અનેક પ્રકારનાં ખેલ ખેલવાનો કે રમતો રમવાનો પ્રયત્ન કરતી હોય છે. કેટલીક વ્યકિતઓને તો છાસવારે આવું કરવાની ટેવ પડી ગઈ હોય છે. આ પ્રકારના કાવતરા કરવાની વૃતિ તેઓનાં લોહીમાં વણાઈ ગઈ હોય છે અથવા તો એવું પણ કહી શકીએ કે તેઓના ગળથૂથીમાં જ આ પ્રકારની વૃતિ પીવડાવવામાં આવી હોય છે.

પોતાના સુખ અને સગવડતા માટે કે પોતાનું મહત્વ જાળવી રાખવા માટે આ પ્રકારની વૃતિ ધરાવતી વ્યકિતો કોઈપણ પ્રકારના નીચ કે હલકા કર્યો કરતાં અચકતી નથી હોતી. ક્યારેક ક્ષણિક સુખ પ્રાપ્ત કરવા માટે અન્ય લોકોનું કાયમ માટે સુખ છીનવી લેતા હોય છે. ક્યારેક પોતાની ક્ષુલ્લક સગવડતાઓ માટે તેઓ મોટી રાજરમતો રમીને પોતાના સંબંધોને મોટું નુકશાન પહોચાડતા પણ અચકાતા નથી હોતા. આ પ્રકારની રાજરમતો રમતા તેઓને કોઈ જ પ્રકારની શરમ કે સંકોચ થતા નથી.

કૈકૈયીજી પણ દાસી મંથરાની કાનભંભેરણીથી અને પોતાના રાજમાતા બનવાના અભરખા સાથે રાજા દશરથ સાથે, રઘુકુળ સાથે અને અયોધ્યાનાં નગરજનો સાથે મોટી રાજરમત રમતા અચકાયા નહી. પોતે રમત તો રમ્યા પણ પરિણામ શું આવ્યું ? કૈકૈયીજીની કઈ મનોકામના પૂર્ણ થઈ? તેઓને શુ પ્રાપ્ત થયું? રાજરમત રમીને કૈકૈયીજીને કંઈ જ પ્રાપ્ત તો ન થયું ઉલટાનું જે હતું તેમાંથી ઘણું બધું ગુમાવવું પડ્યું.

પોતાના કુટુંબ સાથે કૈકૈયીજી મેલી રમત રમ્યા પરિણામે રઘુકુળનાં પનોતા પુત્ર એવા શ્રીરામથી સૌ કોઈ ચૌદ વર્ષ દૂર થઈ ગયા. કૈકૈયીજી તો શ્રીરામને ચૌદ વર્ષ ખો બેઠા સાથે સાથે પોતાનું કુળ અને અયોધ્યાનગરીના નગરજનો પણ શ્રીરામથી ચૌદ વર્ષ વંચિત થઈ ગયા. શ્રીરામની સાથે સાથે પુત્રી જેવી સીતાજીનું પણ સાનિધ્ય ગુમાવવું પડ્યું. લક્ષ્મણજી જેવા અયોધ્યા નગરનાં રક્ષકનું પણ રક્ષણ ગુમાવવું પડ્યું. શ્રીરામનાં ચૌદ વર્ષના વનવાસને કારણે તેઓની છત્રછાંયા તો ગુમાવી સાથે સાથે દશરથજી ની પણ છત્રછાંયા ગુમાવી અને પોતાને વૈધવ્ય પણ વહોરવું પડયું. પોતાના પુત્ર ભરતજીને ગાદી મળે એ હેતુથી કૈકૈયીજીએ કારસો કર્યો હતો પણ ભરતજીએ તો ગાદી ઉપર બેસવાની ઘસીને ના પાડી દીધી. કૈકૈજીએ એક માતા તરીકેનું ભરતજીનું સન્માન પણ ગુમાવી દીધું કારણ કે ભરતજીએ પોતાની માતાને તેમનાં કૃત્ય બદલ ખૂબ જ કડવા વેણ સંભળાવી ને હતું કે “ભાઈ વનમાં ચાલી ગયા, પિતાએ તો સંસાર જ છોડી દીધો. મારું આટલું બધુ છીનવી તમે શું આપવા માંગતા હતા મને ? મને તો એ વાતે શરમ આવે છે કે તું મારી માં છે.” કૈકૈયીજી એ પોતાના પુત્રને પણ દુખ અને ગ્લાનિના અંધકારમાં ધકેલી દીધા હતાં.

માત્ર પોતાના જ સુખ માટે, પોતાની જ સગવડતાઓ માટે, પોતાના માન અને મોભા માટે બીજાના સુખ સાથે અવળચંડાઈ કરવાની કોઈપણ વ્યકિતની વૃતિ અન્ય લોકો માટે તો ધાતક નિવડે છે સાથે સાથે આ પ્રકારની વૃતિ ધરાવનાર વ્યકિત માટે પણ ક્યારેક આત્મધાતક નિવડતી હોય છે. પોતાના સુખ માટે બીજાનું સુખ છીનવી લેવાની વેતાળવૃતિ કરનાર વ્યકિત પોતાના જે પ્રાપ્ત હોય એ બધું પણ કૈકૈયીજીની જેમ ગુમાવી દેતી હોય છે.

જે સુખ મેળવવા માટે વ્યકિતએ વેતાળવૃતિ આદરી હોય છે એ સુખ સગવડતાઓ પણ પોતાનાથી જોજનો દૂર ચાલ્યા જતા હોય છે અને ક્યારેક તો પોતાની જીદંગી સુધ્ધાં બરબાદ થઈ જતી હોય છે. પોતાનું કુટુંબ, પોતાનાં સંબંધો અને પોતાનું જીવન વેર-વિખેર થઈ જતું હોય છે. પોતાના આપ્તજનો, કુટુંબ અને સમાજમાં પોતાની માનહાની થઈ જતી હોય છે તો ક્યારેક આ પ્રકારની અવળચંડાઈ કરનાર વ્યકિત ઉપર દૂનિયા થૂથૂ કરતી હોય છે. તે તેનું જીવન ઝેર જેવું થઈ હોય છે.

(ક્રમશ:)

## કરૂણા

પૂ. મોરારિબાપુએ તા. ૦૫-૦૮-૨૦૧૨ થી તા. ૧૩-૦૮-૨૦૧૨ હિરોશિમા (જાપાન) ખાતે રામકથાને 'માનસ' કરુણા નામ આપ્યું હતું. કરુણા એટલે માત્ર દયા નહીં કરુણાનો અર્થ વ્યાપક છે, વિશાળ છે. કરુણા કરુણરસ સાથે જોડાયેલી છે. કરુણા અર્થાત્ રુદન, કરુણા એટલે નિત્ય નૂતનતા અને કરુણાનો સંબંધ આશ્રય સાથે પણ છે.

આપણે ભજન ગાઈ છીએ ને,

'હે કરુણાના કરનારા તારી કરુણાનો કોઈ પાર નથી.' ભજન ગાતાં - ગાંતા આંખ આંસુથી ભરાઈ જાય છે એટલે તો કરુણા હંમેશા નેત્રોમાં નિવાસ કરે છે.



### થોટ

નટવર આહલપરા

પ્રભુ તો કરુણાનિધાન છે.

જયારે - જયારે આપણે તત્સંગ કરીએ છીએ ત્યારે - ત્યારે અનંત કરુણાની આપણા ઉપર વૃત્તિ થાય છે. કરુણાનો સાગર વિશાળ છે. તેમાંથી ચૌદ જેટલા રત્નો પ્રાપ્ત થાય છે. જેમ ક્રોધ નર્કનું દ્વાર છે, તેમ કરુણા સ્વર્ગનું દ્વાર છે.

તુલસીદાસે 'રામચરિતમાનસ'નાં સાતેય સોપાનોમાં 'કરુણા' શબ્દ પ્રયોજ્યો છે. આરામ કરુણા વગર અસંભવ છે. સદ્‌ગુરુનો હાથ આપણા મસ્તક પર હોય એવું આપણે સૌ ઈચ્છીએ છીએ. સદ્‌ગુરુના હાથની કરુણાનું નામ છે, સ્પર્શ. સૌની આંખોમાં કરુણાની કૂંપળો ફૂટે. કરુણાનું અંજન સૌ આંજી લે. કરુણા આજની માંગ છે. કરુણા વિના કોઈ ઉપાય નથી. આવો આપણે કરુણાસભર બનીએ અનો બનાવીએ.

# સહાનુભૂતિનાં અહેસાસથી વંચિત થતું વિશ્વ !!



## જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

જીવન શું છે અને કવન શું છે એ જાણવામાં કદાચ આ જિંદગી પણ ટૂંકી પડે કારણ કે પ્રત્યેક માનવીનું વૈચારિક અને વિહારીક સ્તર જુદુ જુદુ હોય છે. જીવન એ અસ્તિત્વનો જીવંત સંવેદન આધાર પાયો અને પુરાવો છે. જીવતા હોવું અર્થાત્ અર્થપૂર્ણ કંઈક પ્રદાન કરવું એ પછી પરિવાર માટે હોય, સમાજ કે રાષ્ટ્ર માટે હોય પરંતુ કંઈક ભૌતિક યા વૈચારિક દૃષ્ટિએ પુરું પાડવું એ મતલબ રહેલો છે. સૂર્યોદય થાય કે સજીવ સૃષ્ટિ જાગી જાય અને ચહલપહલ નજરે પડે જેને આપણે દિનચર્યા કહીએ છીએ. ઈશ્વરે આપેલો માનવ જન્મ દુર્લભ માનવામાં આવ્યો છે, ને 'તરેત સા આત્મહ ।' - અર્થાત્ જેને તરી ના જાય તે આત્મા ઘાત જેવું કહેવામાં આવ્યું છે. જીવન જીવવું એ સૌથી ઉમદા અને સૌથી કપરૂ કાર્ય છે. જીવનનો અર્થ અને મર્મ જામવાની પ્રક્રિયામાં ઘણા પ્રયાસો આજે પણ થઈ રહ્યા છે. છતાં નક્કર અને સર્વસ્વીકૃત ઉત્તર પ્રાપ્ત હજી થઈ શક્યો નથી. જન્મ વાસ્તવમાં ઋણાનુબંધનના સિદ્ધાંત (Law of Attraction) મુજબ મળતો રહે છે ત્યાં કર્મના કાયદાને સ્થાન છે! જન્મ તથા મૃત્યુ બાબતે કોઈની વૈયક્તિક મરજી ચાલતી નથી એટલે જીવન મળી ગયું પછીથી જેવું પણ હોય એ જીવવું ફરજિયાત છે, એ અમૃત લાગે કે વિષ પરંતુ તેને માણવું પડતું હોય છે. માણસ તે આજીવન માણસ પાસેથી મળતી પ્રીત, હેત, હૂંફ કે આશ્વાસનની એક જબરી ખ્વાહિશ રહેતી જ હોય છે !! જો આ તત્ત્વો મળે નહીં તો ભવ્ય સુખસંપત્તિ પણ તેને સુખ આપી શકતી નથી. કેવળ પૈસા કમાવા અને તેની પાછળ જ સમય વિતાવવો એ જિંદગી કે તેનો ઉદ્દેશ નથી પરિણામે જીવન ઝટ કટાય જાય છે હવે તનાવભર્યા જીવનમાંથી જીવનરસ-ઉમંગ-સહાનુભૂતિ જ લુપ્ત થતા જાય છે એટલે દુનિયાના તમામ લોકો તેના જાદુથી વંચિત થતા જાય છે એ જબરી હાનિ છે. શબ્દો પણ માનવીને શક્તિ પ્રદાન કરે છે અને મૌન ઘાતક બની મારી શકે છે!

સ્વયંની ખોજ સ્વયં દ્વારા થતી નથી એટલે બહારનાં વિશ્વમાંથી આશ્વાસન શોધવામાં માણસ સમય ખર્ચી નાંખે છે.

ઝાંખી એક જો 'સ્વ'ની થાય
હૃદય મહી જ સર્વસ્વ રચાય.

લાગણીઓને ઓનલાઈન રાખીને કયારેક ઓફલાઈન મળવામાં કદાચ સ્વીટ વર્લ્ડનો સ્વાદ ચાખવા મળી જાય છે. ડિજિટલ વિશ્વમાં બધું જ વર્ચ્યુઅલ છે એ યાદ રહેતું નથી ! જીવન છે ત્યાં સુધી પ્રશ્નો પણ છે તેને ઉકેલવાનાં પ્રયાસો પણ છે આ સ્થિતિને સંઘર્ષ કહેવામાં આવે છે.

જે કાંઈ છે તે આ બધું લાગણીઓનું રમખાણ છે.

કયાંક છે એ અખૂટું ને કયાંક એની તાણ છે.

કપડાં નહીં વિચારો 'બ્રાન્ડેડ' હોવા અનિવાર્ય છે. જીવનમાં માત્ર હું જ જીતી જાઉં એ જરૂરી નથી પરંતુ મારા પોતાનાં કે જેમણે મને સંઘર્ષમાં સાથ અને આશ્વાસન આપ્યા છે તે ના હારે એ જરૂરી છે જેને આપણે સંબંધનો સેતુ કહીએ છીએ. આશ્વાસન કોઈને આપવામાં જીગર જોઈએ ! દિલથી જીવનારા લોકો જ અન્યને મદદ કરી શકે નહીં કે દિમાગવાળા એ પણ કટુ સત્ય છે. બીજાના સુખમાં જે પોતાનો રાજીપો જોઈ શકે એ ઉત્તમ મનુષ્ય હોય છે અને આ પ્રકારના લોકોથી સંસાર કોમળ કે મધુર લાગતો રહે છે. સુમતિ અને કુમતિ દરેકમાં વસે છે અને જયાં સુમતિ હોય ત્યાં ખરાબ ઘટવાની શક્યતા નથી હવે લોકોના અનુભવને નીચેના શૅરમાં હૂબહૂ દર્શાવવામાં આવ્યો છે.

લોગ હંમેશા ગલત ઈન્સાન સે
ધોખા ખાને કે બાદ
અચ્છે ઈન્સાન સે બદલા લેતે હૈ

તૂટેલા દિલે કંઈક માનવીને એવો બનાવી દીધો છે કે એ ખુદ એકલતામાં રડી શકતો નથી અને મહેફિલોમાં મન મૂકી ને હસી પણ શકતો નથી. ઓશો કહે છે કે બિના પ્યાર કે ઈન્સાન બસ એક શરીર હૈ !! સ્વાર્થમાં બધું ગણી ગણીને જ થતું હોય ત્યાં કોઈનું સાચું આશ્વાસન મળવું કપરૂં જ બને છે.

આશ્વાસન કે હૂંફ કયાંથી મળે તો માણસ આંતર મનથી સુખદ સમય અનુભવી શકે ? પ્રથમ તેના પરિવાર, મા-બાપ, જીવનસાથી વગેરે બીજું સહકાર્ય કરનાર કે અધિકારી ત્રીજું જીવનના સાચા મિત્રો, અને અન્ય લાગણીથી જોડાયેલાં લોકો - આ બધા જીવનને મહેકતું ધબકતું અને મધુર રાખે છે. વિશ્વમાં આર્થિક તથા ભૌતિકવાદની જે સ્થિતિ વિકૃત થતી જાય છે અને દિલના સંબંધો કે ઉષ્મા ઘટી રહ્યાં છે માટે જગત તેનાથી વંચિત થઈ રહ્યું છે. આશ્વાસન તો સદ્‌ગ્રંથો, આસ્થાસ્થાનો પણ આપે છે ધર્મ પણએક હૂંફ આપે છે જે વ્યક્તિને નૈતિક બળ પૂરું પાડે છે પરંતુ એ માટે પ્રત્યેક વ્યક્તિની વિચારદારા ઉપર અવલંબે છે. દરેક વ્યક્તિ જેને તમે જાણે છો એની અંદર એક એવી વ્યક્તિ છે જેને તમે નથી જાણતા ! જીવન પ્રેમનો ઉદય થાય તો પ્રેમમય સમય અવશ્ય મળે. એક સુંદર શૅર છે -

કૃષ્ણનું મુખ અને હોઠ
કયાંથી લાવશો ?
મેળામાં બહુ બહુ તો
વાંસળી મળે !!

હિરા પારખું કરતા પીડા પારખુંનું સ્થાન એટલા માટે જ ઊંચુ હોય છે. સ્નેહ ઝંખતા લોકોની ગણતરી કરવાની આપણા સમાજમાં કોઈ પ્રથા નથી, અને હેતાળ લોકોને કોઈ માન નથી !

**શેર આસ્વાદ :**

જૈસા મુડ હો વૈસા મંજર હોતા હૈ
મૌસમ તો ઈન્સાન કે અંદર હોતા હૈ